મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ-૬૩એએ તથા અન્ય ગણોત કાયદાની જોગવાઇઓ અન્વયે પવન ઉર્જા પ્રકલ્પ (WIND ENERGY PROJECT) સ્થાપના સારું ખેતીની જમીન ખરીદવાની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્રાંક:- ગણત/૧૦૨૦૦૬/૪૨૪૯/ઝ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭/03/૨૦૦૭.

## પ રિ પ ત્ર

મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ-૬૩ તથા અન્ય ગણોત કાયદાઓ મુજબ કોઇપણ બિનખેડૂત વ્યક્તિ ખેતીની જમીન ખરીદ કરી શકતી નથી. જે વ્યક્તિ/કંપનીને બિનખેતીના ઔદ્યોગિક હેતુસર ખેતીની જમીનનો ઉપયોગ કરવા માટે પ્રામાણિક ઉદ્યોગકાર તરીકે ખેતીની જમીન ખરીદવી હોય તો સક્ષમ અધિકારીશ્રીની પૂર્વમંજુરી સિવાય મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ-૬૩ એએ તથા અન્ય ગણોત કાયદા અન્વયે પહેલાં, ખેતીની જમીન ખરીદી શકે છે. પાછળથી આવા ઉદ્યોગ સાહસિક/કંપનીએ સક્ષમ અધિકારીની મંજુરી મેળવી લેવાની રહે છે. આવી

રીતે અર્થાત ગણોત ધારાની કલમ-૬૩ એએ તથા અન્ય ગણોત કાયદાઓ અન્વયે ખરીદેલ જમીનનો બિનખેતી ઉપયોગ કરવાનો રહે છે. અર્થાત ગણોત કાયદાની કલમ-૬૩ એએ તથા અન્ય ગણોત કાયદાઓની જોગવાઇઓ હેઠળ ખરીદેલ જમીન ખેતી હેતુ માટે ધારણ કરી શકાય નહિં.

ગુજરાત રાજ્યમાં પવન ઉર્જા (WIND ENERGY)ના વિકાસની તકો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. પવન ઉર્જાના ક્ષેત્રના વિકાસ આડે નીચે મુજબના મુખ્ય અવરોધો છે.

પવન ઉર્જા પ્રકલ્પ માટે વિશાળ જમીનની જરુરિયાત રહે છે. આવી વિશાળ જમીન પૈકી પવન ઉર્જા પ્રકલ્પ માટે જમીનના વપરાશ કરતાં, લગભગ ૧૦ ગણી જમીન, પવનનો વેગ (WIND VELOCITY) જાળવી રાખવા ખાલી અને ખુલ્લી રાખવી જરુરી છે. સરકારની પ્રવર્તમાન નીતિ મુજબ આવી તમામ જમીનને બિનખેતીમાં ફેરવવાની રહે છે.

રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર તમામ જમીન બિનખેતીમાં ફેરવવામાં આવ્યા બાદ, તે ખુલ્લી, પડતર અને બિનઉપજાઉ પડી રહે છે.

પવન ઉર્જા પ્રકલ્પના (WIND ENERGY PROJECT) ઉપયોગ બાદ વધારાની ખુલ્લી રહેતી જમીનનો જે તે જમીનમાલિકો દ્વારા પ્લાટેંશન કે

મેડીસીનલ પ્લાન્ટેશન જેવી, બિન પરંપરાગત ખેતીના હેતુસર ઉપયોગ થઇ શકે તેમ છે. જેથી, બિનપરંપરાગત ઉર્જાના ક્ષેત્રનો રાજ્ય વિકાસ પ્રબળ બને તે હેતુસર કલેક્ટરશ્રીઓ જ્યારે તેમના જિલ્લામાં જે તે ઉદ્યોગકારોને મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ-૬૩ એએ તથા અન્ય ગણોત કાયદાની જોગવાઇઓ મુજબ પરવાનગી આપે ત્યારે આવા હેતુઓ માટેની પરવાનગી નીચેની શરતોને આધીન આપે તેમ જણાવવામાં આવે છે.

૧. પવન ઉર્જા પ્રકલ્પ (WIND ENERGY PROJECT) માટે ખરીદેલ જમીન પૈકીની અમુક જમીનનો ખેતી તરીકે ઉપયોગ કરવા માંગતા હોય તો, સઘળી જમીન બિનખેતીની જ છે તેમ માની, બિનપરંપરાગત ખેતી જેવી કે, જેટ્રોફા (રતનજયોત), ઉર્જા પ્લાન્ટેશન કે મેડીસીનલ પ્લાન્ટેશન કરવા ઇચ્છતા હોય તો, તેવી બિનપરંપરાગત ખેતી કરી શકાશે.

૨. આવી બિનપરંપરાગત ખેતી કરતા હોવાના કારણસર પવન ઉર્જા પ્રકલ્પ સ્થાપનાર ઉદ્યોગ સાહસિક કે કંપની ખેડૂત ગણાશે નહિં અને ખેડૂત હોવાનો દાવો કરી શકશે નહિં.

3. પવન ઉર્જા પ્રકલ્પના (WIND ENERGY PROJECT) હેતુસર ખરીદેલ સઘળી જમીનને બિનખેતીમાં ફેરવવાની રહેશે અને અમુક જમીનનો

બિનપરંપરાગત ખેતીના હેતુસર ઉપયોગ કરતા હોવા છતાં, સઘળીજમીનનો બિનખેતી આકાર અને રુપાંતરવેરો ભરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન.ડી.ભટ્ટ
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર

**પ્રતિ,**

- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ.
- સર્વે મામલતદારશ્રીઓ.
- મદદનીશ જમીન સુધારા કમિશ્નરશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત મહેસૂલ પંચ, લાલ દરવાજા, અમદાવાદ.
- મહેસૂલ વિભાગની સર્વે શાખાઓ.
- શાખાની સિલેક્ટ ફાઇલ.